# ગુજરાતનું પ્રતિનિધિ મંડળ સ્ટેચ્યૂ ઓફ યુનિટિનું આમંત્રણ આપવા ઝારખંડ પહોંચ્યું



રાજ્યના મહેસૂલ મંત્રી કૌશિક પટેલની આગેવાનીમાં ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા) અને છોટાઉદેપુર જિલ્લાના સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવી સહિતનુ ગુજરાતનુ પ્રતિનિધિ મંડળ રવિવારે ગુજરાતથી ઝારખંડ જવા રવાના થયુ હતુ. આજે સોમવારે ઝારખંડ પહોંચીને તેમણે ઝારખંડના મુખ્યમંત્રી રઘુવરદાસને સ્ટેચ્યૂ ઓફ યુનિટિના લોકાર્પણ પ્રસંગનુ આમંત્રણ આપ્યુ હતુ. તે પ્રસંગે ઝારખંડના સાંસદ પરીમલ નથવાણીની ઉપસ્થિતિમાં ઝારખંડના ગવર્નર દ્રોપતિ મૂરમૂને પણ આમંત્રણ અપાયુ હતુ.

સંદેશ
23 OCT 2018